# શબ્દ લાઘવ

વજન: ગાલગાગા ગાલગાગા ગાલગા

પંચમ શુક્લ

શબ્દ લાઘવ આપજે રાઘવ સમું,
લક્ષ્ય હર આજાનુભુજ-પાંડવ સમું.

શ્યામરંગી અંગમાં સોહામણું,
આપજે લાવણ્ય બસ માધવ સમું.

પંચવિધ, ક્ષણ પૂર્ણ-યૌવન આપજે,
પંચસાયકનાં મુદિત માર્દવ સમું.

આપજે મન દોડતું મૃગલાં સમું,
ને ચપળ આ ચિત્ત પણ કૈતવ સમું.

ના દધીચી-વજ્ર-ધારીનો વિજય,
યુધ્ધ દારુણ આપજે દાનવ સમું.

ક્રોધમાં પણ પૂર્ણ નર્તન આપજે,
નૃત્ય બસ નટરાજનાં તાંડવ સમું.

હર તૃષાના અંત પર તત્પર રહી,
પેય પાજે સોમરસ આસવ સમું.

સ્વપ્ન બસ એકાદ એવું આપજે,
ફુલ-ગુલાબી ને કૂણાં શૈશવ સમું.

જીવવાનું આપજે ઝાકળ સમું,
વસ્ત્ર અંતિમ પુષ્પનાં પાલવ સમું.

રાખજે મારું મહજ-અસ્તિત્વ પણ,
નીલલોહિતનાં સહજ વૈભવ સમું.

લંડન, ઓગસ્ટ ૨૦૦૫

:::::::: અઘરાં શબ્દો ::::::::::

આજાનુભુજ-પાંડવ = અર્જુન.
મુદિત = મનને પ્રસન્ન કરે તેવું, માર્દવ = કોમળતા તથા ઋજુતાથી ભરેલું.
પંચસાયક = કામદેવ, કે જેની પાસે પાંચ પ્રકારનાં બાણ છે:
(સ્પર્શ, રસ, ગંધ, રૂપ, અને શબ્દ).
કૈતવ = શિકારી અથવા પારધી, દધીચી-વજ્ર-ધારી = ઈન્દ્ર.
નીલલોહિત = શંકર કે જેનું ગળું વિષ ધારણ કરવાથી નીલું થઇ ગયું છે.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::